# ચાંદની શરઈ સાબિતી માટે

# મોબાઈલની ખબરોથી

## શરઈ ઈસ્તેફાદાનો હુકમ


અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી

**મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)**

**તથા અન્ય મુફિતયાને કિરામ**

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૨૩ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૧૩–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૭ મે–૨૦૧૬

*નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧*

# ચાંદની શરઈ સાબિતી માટે
# મોબાઈલની ખબરોથી
# શરઈ ઈસ્તેફાદ઼ાનો હુકમ

અઝ : **પીરે તરીક઼ત હઝરત મૌલાના મુફ્તી અબ્દુર્રહમાન રશીદી** *(સજ્જાદાનશીન ખાનક઼ાહે રશીદિયહ–જોનપુર)*

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

ચાંદની સાબિતીના તરીક઼ાઓમાંથી એક તરીક઼ો "ઈસ્તેફાદ઼ાએ શરઈ" પણ છે, જે "શહાદત"ના ક઼બીલથી (શહાદત રૂપે) નથી બલ્કે "ખબર"ના ક઼બીલથી છે જ્યારે કે એ "મશહૂર" તથા તેહક઼ીક઼પૂર્ણ હોય. ફતાવા રઝવિય્યહમાં છે :–

"આપણા ઈમામોએ કેવળ ઈસ્તેફાદ઼ા તથા ઈશ્તેહાર (મશહૂર થવું) પૂરતુ ન જાણ્યું બલ્કે એની સાથોસાથ તેહક઼ીક઼ની ક઼ૈદ (શર્ત) અધિક વર્ણવી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૬૨)*

જાણવા મળ્યું કે "ખબરે મશહૂર" જો તેહક઼ીક પૂર્ણ હોય તો એ ઈસ્તેફાદ઼ાએ શરઈ છે અને ચાંદની સાબિતીમાં વિશ્વાસપાત્ર છે. હવે રહી એ વાત કે અલ્લામા રહમતીએ "ઈસ્તેફાદ઼ાએ શરઈ"નો જે અર્થ બતાવ્યો છે કે, "બલદે ષબૂત (ચાંદની સાબિતી પામેલ શહેર)થી વિવિધ ટોળીઓ

આવીને વર્ણન કરે.'' તો આ એમના સમયના એતબારથી છે કે એમના દૌરમાં તેહક઼ીક઼ની કેવળ આ જ સ્થિતિ હતી, આ વર્તમાન પ્રચાર માધ્યમો એમના દૌરમાં ન હતાં. પણ એનો એ અર્થ નથી કે તેહક઼ીક઼ એ જ અર્થમાં સીમિત હોય. જો એવી જ વાત હોત તો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહમાં આવું ન ફર્માવતા કે :–

''તારની ખબર મજહૂલૈન (અપરિચિતો), ફાસિક઼ો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે. એવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે કદી પણ તેહક઼ીક઼ વિના અમલ કરવામાં ન આવે.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૫૨૧)*

બલ્કે સ્પષ્ટ ફર્માવી આપત કે તારની ખબરમાં બલદએ ષબૂત (ચાંદની સાબિતી પામેલ શહેર)થી વિવિધ જમાઅતો (ટોળીઓ)નું આવીને બયાન આપવું નથી જોવા મળતું જે ઈસ્તેફ઼ાદ઼ાએ શરઈના માટે જરૂરી છે જેથી એ વિશ્વાસપાત્ર નથી. એ કહેવાની શું જરૂરત હતી કે ''તારની ખબર મજહૂલૈન (અપરિચિતો), ફાસિક઼ો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે.'' એ જ પ્રમાણે એવું કહેવાની શું જરૂરત હતી કે આવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે, ''કદાપિ (Never) તેહક઼ીક઼ વિના અમલ ન કરે.'' નહીં તો સ્પષ્ટ ફર્માવી આપત કે કદીપણ અમલ ન કરે, આ ''તેહક઼ીક઼ વિના''ની શરત શા માટે લગાડી ?!

હવે આવો એવું માલૂમ કરીએ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہની નજીક તેહક઼ીક઼ વિનાની ખબરનો શો અર્થ છે. તે ફર્માવે :–

તેહક઼ીક઼ વિનાની ખબરો જેમની સનદ માલૂમ નથી ભલે સર્વ શહેરવાસીઓની જીભ પર હોય, કાન ધરવાને (ધ્યાન આપવાને) પાત્ર નથી થતી, ન તો એના થકી કોઈ શરઈ હુકમની સાબિતી થઈ શકે. ઈન્સાફ઼ કરો ! તારની આ જ હાલત છે કે શહેરવાળાઓ કદી પણ નથી

બતાવી શક્તા કે આ પ્રચાર કયા લોકોના હાથોથી થયો છે, તારના ફોરમ કોણે લખ્યાં, તાર બાબુ (કર્મચારી)ને ફોરમ આપવા કોણ ગયું હતું. તો એ જ રહ્યું : **لا يعلم من اشاعها** ત્યાં શાબ્દિક રીતે ઈસ્તેફાદ઼ા તો સાબિત થશે, પણ સ્પષ્ટ તેહકીક઼ સાથે શરઈ ઈસ્તેફાદ઼ા સાબિત નહીં થાય. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૪૪)*

જેથી ઉપરોક્ત ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہનું એ ફર્માવવું કે, ''તારની ખબર મજહૂલૈન, ફાસિક઼ો બલ્કે અમુક કાફિરોના માધ્યમથી આવે છે. એવી ખબરમાં શરીઅતે ફર્ઝ કર્યું હતું કે કદી પણ વિના તેહકીક઼ે અમલ ન કરે.'' આ એ બાબતને સ્પષ્ટ કરી રહેલ છે કે તારની ખબરમાં એ વાતની તેહકીક઼ જરૂરી છે કે ખબર આપનાર મજહૂલ (અપરિચિત) ન હોય પણ માલૂમ હોય. ખબર આપનારા ફાસિક઼ અથવા કાફિર ન હોય, ગૈર ફાસિક઼ તથા ગૈર કાફિર હોય. વળી જ્યાં સુધી ફાસિક઼ની ખબરના અવિશ્વાસ પાત્ર હોવાની વાત છે તો એ પણ મુત્લક઼ન (અબાધિત, શર્તવિહોણુ) નથી, બલ્કે ક઼ાઝી અથવા મુફતીને એની ખબર પર સચ્ચાઈની ખાત્રી ન થાય, અને જો એની ખબર પર સચ્ચાઈની ખાત્રી થાય તો વિશ્વાસ પાત્ર છે. જેમ કે ફતાવા રઝવિય્યહમાં છે :–

''સહીહ એ છે કે મુસલમાન ભલે ફાસિક઼ હોય અહલે શહાદત (ગવાહીને પાત્ર) છે, પણ એની ગવાહી સ્વીકારવી નાજાઈઝ છે, એ હાલત સિવાય કે એના બારામાં હાકિમને સચ્ચાઈની ખાત્રી થાય, કે એ પણ તેહકીક઼માં દાખલ છે.

રબ તઆલા ફર્માવે છે :–

**يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا اَنْ**
**تُصِيْبُوْا قَوْمًا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ**

"હે ઈમાનવાળાઓ ! જો ફાસિક તમારી પાસે કોઈ ખબર લઈને આવે તો સારી રીતે તેહકીક કરી લો. એવું ન બને કે અજાણતામાં કોઈને કોઈ તકલીફ પહોંચે પછી તમો તમારા કરેલા પર શરમાવ." *(સૂરએ હુજુરાત, આયત–૬)*

જયારે મુફતી ફતાવા આપનારાઓને એમના બારામાં સચ્ચાઈની ખાત્રી થાય તો એનો હુકમ શરઈ દલીલ છે. રમઝાન તથા ઈદુલ ફિત્ર વાજિબ થઈ જશે, અને એના હુકમ પછી અવામમાં કોઈને વિરૂદ્ધ જવાની ગુંજાઈશ રહેશે નહીં." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૬૭)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہના દૌરમાં ટેલીફોનનો હાલ તાર★

જેવો હતો. એટલે કે જેવી રીતે તારની ખબરમાં અધિક માધ્યમો રહેતાં હતાં (વચ્ચે અનેક માણસો આવતા તથા માધ્યમો હતાં) એ જ પ્રમાણે ટેલીફોનની ખબરમાં માધ્યમો (વચેટીયાઓ) રહેતાં હતાં. એટલા માટે આ'લા હઝરતના ફત્વામાં સામાન્ય રીતે ટેલીફોનનો એ જ હુકમ આપવામાં આવ્યો જે તારનો હતો. વળી એ કે તાર હોય કે ટેલીફોન અથવા મોબાઈલ જો એના થકી મળતી ખબર શોહરતની હદે ન પહોંચતી હોય તો એ મુત્લકન (કોઈ શર્ત વિના, અબાધિત રીતે) અવિશ્વસનીય છે અને અફવા છે, અને જો શોહરતની હદે પહોંચતી હોય અને તેહકીક વિનાની ન હોય, બલ્કે તેહકીકવાળી હોય તો એ ઈસ્તેફાદાએ શરઈ છે અને

---

★ *તાર સેવા હાલ ગવર્નમેન્ટે બંધ કરી છે. જેમાં એ સગવડ હતી કે કોઈ ઈમરજન્સી ખબર તાત્કાલિક તાર ઓફીસે નોંધાવતાં એ લેખિત સંદેશો તાત્કાલિક (અન્ય તાર ઓફીસે વિશિષ્ટ મશીન થકી પહોંચાડી) જે તે શહેર કે ગામડે લેખિત ટાઈપ કરેલ તાર વહેંચનારો માણસ આવીને આપી જતો. આ સેવા ૨૪ કલાક ચાલુ રહેતી હતી. પણ હવે મોબાઈલ થકી SMS, FAX, EMAIL જેવી સર્વિસો અતિ સહૂલતવાળી ચાલુ થવાથી એની જરૂરત રહી ન હોવાથી એ બંધ થયેલ છે. –સંપાદક*

વિશ્વસનીય છે. મોબાઈલની સ્થિતિ તાર, ટેલીફોન કરતાં ઘણી જ અલગ છે, એમાં માધ્યમો નથી હોતાં, ખબર આપનારની ખબર ડાયરેક્ટ મળી જાય છે. આ ખબર لا يعلم من اشاعها (કોણે ખબર ફેલાવી તેનાથી અજાણપણા)ની મંઝિલે નથી હોતી.

જેથી જો વિવિધ જગયાઓએથી ચાંદ દેખાયાની (રૂયતે હિલાલ)ની ખબરો પ્રાપ્ત થાય અને તેહકીક સાથે હોય તો એ ઈસ્તેફાદાએ શરઈ થઈ જશે.

હવે આવો ! અમો અહીં આ'લા હઝરત رحمۃ اللہ علیہના એક અન્ય ફતવાથી અધિક રીતે એ વાતની સ્પષ્ટતા કરી આપીએ કે ઈસ્તેફાદાએ શરઈના માટે અલ્લામા રહમતીનો વર્ણવેલ અર્થ લાઝમી શરતની હૈસિયત નથી ધરાવતો. ફતાવા રઝવિય્યહમાં છે :–

''દસ વીસ જગાઓએથી આવવું કાફિર અથવા ફાસિક અથવા મજહૂલ (અપરિચિત)ની ખબરને મોઅતબરે શરઈ (શરીઅતમાં વિશ્વાસપાત્ર) નહીં કરી આપે, ન અહીં હદ્દે તવાતુર સુધી પહોંચવું યોગ્ય ગણાશે, કે દસ નહીં હજાર જગ્યાઓએથી તાર આવે, અજાણને તો એક જ તાર ઘરેથી મળશે અને ક્યાંક બે ચાર પણ થયા તો એ તવાતુર નથી.'' *(ભાગ : ૪, પેજ : ૫૨૮)*

તો સાબિતીની જગાએથી વિવિધ જમાઅતોનું આવીને બયાન આપવું ઈસ્તેફાદાએ શરઈ માટે જરૂરી હોત તો એવું શા માટે ફર્માવતા. જેથી એનાથી પણ માલૂમ થયું કે ખબર આપનારાઓની વિવિધ ટોળીઓનું આવીને બયાન આપવું ઈસ્તેફાદાએ શરઈના માટે કોઈ પાયાની બાબત નથી, બલ્કે પાયાની બાબત એ છે કે ખબર આપનારાઓની વિવિધ જમાઅતો (ટોળીઓ)ની ખબરો હોય, એ પછી ચાહે ડાયરેક્ટ આવીને બયાન આપે અથવા આવીને બયાન ન આપે. જેમ કે એક જગાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ બહરુર્રાઈકના હવાલાથી ફર્માવે છે :–

**وفی البحر عن الفتح والحق ان العبرة لجئی**

**الخیر وتواتره من کل جانب**

*–(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૫૩૭)*

એમાં દરેક બાજુએથી ખબરોને આપવાની વાત કહેવામાં આવી છે, ન કે ખબર આપનારાઓની વિવિધ ટોળીઓએ આવીને બયાન આપવાની વાત કહેવામાં આવી, જેથી ખબરોનું મુતવાતિર હોવું સાબિત થઈ જાય અને ધડ માથા વિનાની ન હોય તો શરીઅતની રૂએ વિશ્વાસપાત્ર થઈ જશે. **وهذا ما نحن فيه**

જેથી મોબાઈલના થકી મળેલી ખબરોને એકદમ (સદંતર) રદ તથા અવિશ્વસનીય ઠરાવવી કતઈ મુનાસિબ નથી. અહીં અમે એ સવાલનો પણ જવાબ આપી દેવો મુનાસિબ સમજીએ છીએ કે અલ્લામા રહમતીએ તેહકીકના માટે વિવિધ ટોળીઓની વાત શા માટે કરી ? શું એક જમાઅત (ટોળી)નું બયાન તેહકીકના માટે પૂરતુ નથી ? તો એનો જવાબ એ છે કે એક ટોળકીના બયાનમાં તવાફુક અલલ કિઝ્બ (જૂઠ પર એકમત)ની સંભાવના રહે છે અને વિવિધ ટોળકીઓમાં એ સંભાવના રહેતી નથી, એટલા માટે ''બહરુર્રાઈક''ની નકલ કરેલ ઈબારત (લખાણ)માં **مجئی الخبر وتواتره من کل جانب** કહેવામાં આવ્યું છે, ન કે **مجئی المخرین** કહેવામાં આવ્યું. એ જ પ્રમાણે એક જગાએ આ'લા હઝરતે **عقودالدرية** ''ઉકૂદુદરિય્યહ''ના હવાલાથી ઈસ્તેફાદાએ શરીઅતની સ્પષ્ટતા આ પ્રમાણે કરી છે :–

**البینة أذا قامت علٰی خلاف المثهور المتواتر لا**

**تقبل وهن ان یشتهر ویسمع من قوم کثیر لا یتصور**

**اجتما عهم علٰی الکذب**

*–(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૫૫૪)*

આ પરથી જાણવા મળ્યું કે "ઈસ્તેફાદાએ શરઈ" એ ખબરે મશ્હૂર તથા મુતવાતિરનું નામ છે જે એટલા લોકો થકી સાંભળવામાં આવેલી હોય જેમનું જૂઠ પર એકમત હોવું શક્ય ન થઈ શકે તો યકીનની સાથે એ ઈસ્તેફાદાએ શરઈ છે કે જે શરઈ દલીલ છે.

**સવાલ** : આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ્માં એવું ફર્માવ્યું છે કે દીની શરઈ બાબતોમાં આડમાંથી સંભળાતી અવાજનો કોઈ એતબાર (ભરોસો) નથી, જેથી તાર, ટેલીફોન, મોબાઈલના થકી મળતી ખબરો કઈ રીતે ભરોસાપાત્ર થશે ? જ્યારે કે એ ખબરો પણ આડ હેઠળ સંભળાય છે.

**જવાબ** : આડથી સંભળાતી અવાજનું બિનભરોસાપાત્ર હોવું મુત્લક્ન (બિન શર્તી રીતે) નથી, બલ્કે અમુક સંજોગોમાં છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ "તુરુકે અષ્બાતે હિલાલ" (ચાંદની સાબિતીના તરીકાઓ)માંથી એક તરીકો "સુલ્તાનના મુનાદી (એલાન કરનાર)ની ખબર"ને પણ ઠરાવેલ છે, જે સામાન્યતઃ આડથી જ સંભળાતી હોય છે. એ જ રીતે તોપોનો અવાજ સાંભળવાને ચાંદની શરઈ સાબિતીમાં ગણવામાં આવેલ છે. જેમ કે ફર્માવે છે : "અલ્લામા શામી رحمۃ اللہ علیہએ તોપો સાંભળવાને પણ શહેરની આસપાસનાં ગામડાવાળાઓ માટે ચાંદની સાબિતીની દલીલોમાં ગણેલ છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૫૪)*

શહેરની આસપાસના ગામડાવાળાઓ જેઓ તોપોનો અવાજ સાંભળશે તો આડ હેઠળ જ સાંભળશે. જેથી જાણવા મળ્યું કે આડ (ઓઠા હેઠળ)થી સંભળાતો અવાજ તદ્દન (મુત્લક્ન) અવિશ્વસનીય નથી, બલ્કે એનો સંબંધ શહાદતના (ગવાહીના) બારામાં છે, એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જયાં આ મસ્અલો વર્ણવ્યો છે ત્યાં "ફતાવા આલમગીરી"ના હવાલાથી આ પ્રમાણે વર્ણવ્યું છે :–

لـو سمع من وراء الحجاب لا يسعه أن يشهد الا اِذا
كان فـى الـداخل وحده ودخل وعلم الشاهد أنه
ليس فيـه غيـره ثـم جـلـس عـلـى المسلك وليس له
مسلك غيـره فسمـع اِقـرار الداخل ولايراه لأنـه
يحصل به العلم

*–(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૫૪૯)*

જેનાથી સાફ સ્પષ્ટ થાય છે કે આડથી સાંભળવા મળતો અવાજ મુત્લક્ન (તદ્દન) બિનભરોસાપાત્ર નથી.

**સવાલ** : ફતાવા રઝવિય્યહ્નાં લખાણોથી એ પણ સાબિત છે કે જો ષિક્ાત તથા ઉદૂલ (આદિલો)ની એક ટોળી આવીને કહે કે ફલાણી જગાના આલિમોએ બાક્ાઈદા શહાદત લઈને ચાંદ થવાનો હુકમ આપ્યો છે, તો હરગિઝ વિશ્વાસપાત્ર ઠરશે નહીં.

**જવાબ** : એને ઈસ્તિફાદા સાથે શું લેવા દેવા છે ?! વળી એ કે જો એ જમાઅત શહાદતના સમયે ક્ાઝી પાસે હાજર હતી અને બીજી જગાએ જઈને શહાદત આપે તો શહાદત અલલ ક્ાઝી થશે કે જે વિશ્વાસપાત્ર છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ "તર્કે અષ્બાતે હિલાલ"માં ફત્હુલ ક્દીરના હવાલાથી ફર્માવે છે :–

لـو شهـدو ان قـاضـى بـلـدة كـذا شهد عنده اثنان
برؤية الهـلال فـى ليـلة كذا وقضىٰ بشهادتهما جاز
لهٰذا القاضى أن يحكم بشهادتهما

*–(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૫૭)*

અને જો તે જમાઅત (ટોળી) શહાદતના સમયે ક્ાઝી પાસે હાજર ન હતી અને તે બીજી જગાએ જઈને શહાદત આપે તો એ શહાદત

વિશ્વાસપાત્ર ગણાશે નહીં, ચાહે તે કેટલાયે ઉદૂલ તથાષિક઼ાત હોય. એટલા માટે કે એ ન તો ઈસ્તેફાદા છે ન તો શહાદત અલલ ક઼ઝા (ક઼ાઝીની ગવાહી) બલ્કે એ ગૈરના જોવા વિશેની કેવળ હિકાયત (વાત) છે, જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ દુર્રે મુખ્તારના હવાલાથી ફર્માવે છે :–

**شهدوا أنهٗ شهد عند قاضی مصر كذا شاهدانِ برؤية**
**الهلال و قضیٰ به ووجد استجماع الدعوى وقضى**
**القاضی بشهادتهما لان قضاء القاضی حجة وقد**
**شهدوا، لا لو شهدوا برية غيرهم لانه حكاية۔**

*–(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૫૩૫)*

**وهذا ما عنده والعلم عند الله وهو تعالٰى اعلم**

*(હવાલો : માહનામા અશ્રફિયા–મુબારકપુર, સપ્ટેમ્બર–૨૦૧૩, બરકાતે ખ્વાજા–માસિક, ઓક્ટોબર–૨૦૧૪)*

# વતમાનકાળમાં 'ઈસ્તેફાદા' થકી
# ચાંદની સાબિતીનો મસ્અલો

بسم الله الرحمن الرحيم۔ حامداً و مصلّيًا ومسلمًا

*પ્યારા સુન્ની વાંચકો ! ''વર્તમાન પ્રચાર માધ્યમો અને ચાંદ વિશે મસાઈલ'' આ વિષય સંબંધે **ફિક્હી સેમીનાર બોર્ડ-દિલ્હી** થકી ૧૩-જમાદિયુલ આખર હિ.સ.૧૪૨૬, અંગ્રેજી તા. ૨૦/૭/૨૦૦૫ના રોજ પ્રથમ બેઠક સવારે નવ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી અને બીજી બેઠક મગરિબ બાદથી રાતના ૧૧ વાગ્યા સુધીમાં અહલે સુન્નત વ જમાઅતના મશહૂર મુફ્તિયાને કિરામનો સેમીનાર યોજાયેલો જેના સદર તરીકે **હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ મુબારકપૂરી** તેમજ મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી બરકાતી સાહબ** તેમજ અન્ય જામિઆ અશ્રફિયા (મુબારકપુર, જિ. આઝમગઢ)ના તથા હિંદના અન્ય ઈદારાઓના અગ્રગણ્ય મુફ્તીઓની મૌજૂદગીમાં સેમીનાર યોજાયો, જેના **આયોજક** તરીકે **હઝરત મૌલાના ઉસ્માનગની બાપુ (ધ્રોલ)** હતા. તેમાં ચાંદના શરઈ સબૂત બાબતના મસ્અલાનો જે ફેંસલો રજૂ થયો હતો તે અત્રે સુન્ની અવામની સમજ માટે રજૂ કરવામાં આવે છે. બીજી નોંધપાત્ર વાત એ છે કે ''જામિઆ અશ્રફિયા મુબારકપુર'' થકી થતા સેમીનારમાં આ ફેંસલાને પણ (ઈંદોર ખાતે) સમર્થન કરવામાં આવેલ છે. -સંપાદક*

રમઝાન તથા ઈદના મોક઼ા પર ચાંદના બારામાં જે વિવાદ, વિખવાદ તથા મતભેદ થાય છે તે વર્ણનનો મોહતાજ નથી. લોકોની બેચેની એ વખતે ખૂબ જ વધી જાય છે, જયારે તેઓ રેડીયો, ટેલીફોન વગેરેથી માલૂમ કરી લે છે કે ફલાણી જગાએ ઈદ મનાવવામાં આવી રહી છે અને આપણે ત્રીસમો રોઝો રાખવાનો છે ! આ બેચેનીના કારણે ખાસ કરીને એહલે સુન્નતના ઉલમા લોકોની ટીકા ટીપ્પણીનું નિશાન બને છે. એટલા માટે કે તેઓ કાયદેસર રીતે શરઈ તરીક઼ાથી ચાંદની સાબિતી વિના ચાંદ થયાનું એલાન નથી કરતા, અને આ બારામાં સખત સાવધાનીના પાબંદ છે. એમાં શંકા નથી કે આપણા ઉલમાએ કિરામ (تقبّل الله مسا عيهمس)એ ભૂતકાળમાં એ જ વર્ણવ્યું, છે કે ચાંદની સાબિતીના બારામાં રેડીયો, તાર, ટેલીફોન વગેરેનો કોઈ એતબાર નથી, પરંતું પ્રચાર માધ્યમોની આશ્ચર્યજનક પ્રગતિએ કાલે અને આજની હાલતોમાં નોધપાત્ર ફરક પેદા કર્યો છે, એટલા માટે ઉલમાએ કિરામને આ સવાલ થયો કે :–

**સવાલ નં. ૧–૨** : ''ઈસ્તિફાદ઼ા'' કોને કહે છે ? અને શું ખબર પહોંચાડનારા અર્વાચીન માધ્યમો દા.ત. ફોન, ફેકસ વગેરેથી પણ એની સાબિતી થઈ શકે છે કે નહીં ? સાબિતીની સ્થિતિમાં કેટલીક ખાસ શરતો સાથે કે વિના શર્તે સાબિતી થશે ? પ્રથમ સ્થિતિમાં તે ખાસ શરતો કઈ કઈ છે ?

એના જવાબમાં ઉલમાએ કિરામે મક઼ાલાત (લેખો) લખ્યા અને ફિક઼્હી સેમીનાર બોર્ડ–દિલ્હીના સાતમા સેમીનારની પ્રથમ બેઠકમાં એના પર જોરદાર બહષો થઈ. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ જવાબ પર હાજર મુફતીઓની એકમતિ થઈ :–

**જવાબ નં. ૧** : ''ઈસ્તિફાદ઼ાએ ખબર'' નો અર્થ છે મશહૂર થવું, પ્રસિધ્ધ થવું, ફેલાવું. ફુક઼હાએ કિરામની ઈસ્તેલાહ (બોલી)માં ઈસ્તેફાદ઼ા

''ખબરે મશહૂર'' ને કહે છે. અલ્લામા રહમતી رحمۃ اللہ علیہએ ઈસ્તેફાદાના બયાનમાં :–

ان تاتی من تلك البلدة جماعات متعددون

كل منهم يخبر عن اهل تلك البلدة

લખ્યું છે, એનાથી પુરવાર થાય છે કે ખબર આપનારાઓની સંખ્યા કમસે કમ નવ (૯) હોવી જોઈએ. અલબત્ત એના માટે અધિકાર લોકોનું આવવું અથવા તેમનુ જમાઅત પર જમાઅત (ટોળી પર ટોળી) હોવું સમજૂતી રૂપે વર્ણન થયેલ છે, કૈદે એહતેરાઝી (નિશ્ચિત શર્ત) અથવા અનિવાર્ય શરતના રૂપે નથી, નહીં તો ઘણી બધી મશહૂર હદીષોના મશ્હૂર તથા મુસ્તફીઝ હોવામાં શંકા લાઝિમ આવશે. એટલા માટે હાજર મુફતીઓની એના પર એકમતિ થઈ કે ''ઈસ્તિફાદા'' સાબિત થવા માટે કેવળ એ જરૂરી છે કે અધિક્તર વ્યક્તિઓ ખબર આપનાર હોય, એક સ્થળેથી બીજા સ્થળે આવવું અથવા ટોળીઓબદ્ધ હોવું શર્ત નથી.

**(૨)** ખબર પહોંચાડનારા વર્તમાન માધ્યમો દા.ત. ટેલીફોન, મોબાઈલ ફોન થકી ''ઈસ્તિફાદા''ની સાબિતી થઈ શકે છે પણ શર્ત એ છે કે એ ઝરીયાઓને શક્ય તે હદ સુધી ખૌફે ખુદાથી પર લોકોના ધોકાથી, ફરેબ તથા જૂઠના અંદેશાથી મેહફૂઝ રાખવામાં આવે, નહીં તો એમના થકી મળનારી ખબરોની હૈસિયત બજારૂ અફવા સમાન થશે ન કે ઈસ્તિફાદા ગણાશે.

ويشير اليه قول الذخيرة ''اذا استفاض وتحقق''

فان التحقق لا يوجد بمجر داالشيوع''

જૂઠ, પ્રપંચ તથા બનાવટથી હિફાઝતના માટે નીચે મુજબની શરતોની કાળજી અનિવાર્ય થશે.

**(૧)** જે લોકો ટેલીફોન, મોબાઈલ ફોનના થકી ચાંદ થવાની ખબર આપે તેમને ક઼ાઝીએ શરીઅત અથવા એમની સમક્ષ તેમનો વિશ્વાસુ ફોન કરીને એ તસ્દીક઼ (સમર્થન) મેળવી લે કે ફોન કે મોબાઈલ થકી એમણે જ ખબર આપી છે.

**(૨)** એ શહેર અથવા ઈલાક઼ાના ષિક઼હ (યાદશકિત,દયાનતદારીવાળા) ઉલમા અથવા ક઼ાઝી અને અન્ય બે ત્રણ નેક લોકો પણ ફોન કરીને પૂરી તસ્દીક઼ (સમર્થન) મેળવી લે.

**(૩)** એ પણ તેહક઼ીક઼ કરી લે કે એણે ખૂદ પોતાની આંખોથી ચાંદ જોયો કે આમ દીદાર (સર્વ સામાન્ય રીતે આમ લોકોને) ચાંદના થયા અને અધિકતર લોકોએ તેને પોતે જોયાનું બતાવ્યું, અથવા એની સમક્ષ ફૈંસલો થયો.

**(૪)** (ચાંદ થયાનું) સમર્થન આપતા ફોનની સંખ્યા નવ કે તેથી વધુ હોવી જોઈએ.

**(૫)** ક઼ાઝી પોતાની સામે બે ષિક઼હ સહાયક આલિમો પણ રાખે જેથી તેઓ પણ ફોન સાંભળે અને સમર્થન મેળવીને સંતોષ અનુભવે. બેહતર થશે કે ક઼ાઝી એવો ટેલીફોન કે મોબાઈલ વાપરે જેનો અવાજ (સ્પીકર થકી) આસપાસના લોકો પણ સાંભળે.

**(૬)** બંને શહેરો વચ્ચે અંતર એટલુ અધિક હોય કે ત્યાંથી ''કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી'' (ક઼ાઝીથી ક઼ાઝીને લખાણ) અથવા શહાદત દર શહાદત હાંસલ કરવામાં મુશ્કેલી હોય. આ શર્ત વાજિબના રૂપે નથી, છતાં એનાથી વિમુખ પણ ન થવામાં આવે

**(૭)** જે લોકો આ આધુનિક માધ્યમો વડે ખબર આપે તેમના બારામાં એ યક઼ીન હાંસલ કરવું જરૂરી છે કે એહલે સુન્નત વ જમાઅતથી છે,

બદઅકીદા તથા બદમઝહબ નથી, કેમ કે અનેકવારનો અનુભવ સાક્ષી છે કે એ લોકો ઈદ મનાવવાની ખુશીમાં સામાન્યત : ચાંદ બનાવી લે છે ! માહે રમઝાન તો કદાચ જ તેમને ત્યાં ત્રીસ દિવસનો થતો હશે ! બલ્કે તેમના આ ઈદ માટે આગળ રહેવાના જઝબાને લીધે ઘણી જગાઓ પર અહલે સુન્નતના ઉલમાને પરેશાનીઓનો સામનો કરવો પડે છે. ''ઈસ્તિફાદા''ના માટે ભલે ખબર આપનારનું આદિલ હોવું જરૂરી નથી પણ ઈદના મામલામાં જે લોકોની નિરર્થક હિંમત પહેલેથી ખબર છે એમનાથી સાવધાન રહેવું જરૂરી છે.

આ શરતોની પાબંદીની સામે વર્તમાન પ્રચાર માધ્યમોથી મળનારી ખબરો વડે ''ઈસ્તિફાદા''ની સાબિતીમાં કોઈને શંકા ન થવી જોઈએ. પણ એની ઈજાઝત કેવળ એ આલિમે દીનના માટે છે જે પોતાના ઈલાકામાં સૌથી મોટો ફકીહ, મરજએ ફતવા હોય અથવા જેને વિદ્વાન પુરુષોએ કાઝીએ શરીઅત નિયુક્ત કર્યો હોય. દરેક આલિમ ન ફકીહ છે ન દરેક ફકીહ મરજએ ફતવા છે ન દરેકને એ અધિકાર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–૨૦૧૪)*

# મોબાઈલથી ઈસ્તેફાદાએ ખબર વડે
# ચાંદની સાબિતી

**અઝ** : મહક્કિકે મસાઈલે જદીદા મુફતી **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી** *(સદર મુફતી વ પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા–મુબારકપુર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

*પ્રસ્તુત સવાલ તથા જવાબ આ વરસે (હિ.સ. ૧૪૩૭) ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ના મોકા પર ઉલમા, મુફતી, હુફ્ફાઝ વગેરેની દસ્તારબંદીના પ્રસંગે મુહક્કિકે મસાઈલે જદીદા મુફતી **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** સાહબને જલસા દરમ્યાન કરવામાં આવેલ સવાલોના જવાબોમાંથી છે. ખૂબ જ સરળ ભાષામાં મસ્અલાની આપે છણાવટ કરી છે. બરકાતે ખ્વાજા (માસિક)ના વાંચકોના ફાયદા ખાતર અત્રે રજૂ કરીએ છીએ. –સંપાદક*

**સવાલ** : અમને એ ખબર મળી છે કે આપ ટેલીફોન તથા મોબાઈલ થકી ઈસ્તેફાદાની સાબિતીને માનવાવાળા છે, જ્યારે કે ફતાવા રઝવિય્યહ, ભાગ–૪, પેજ નં.–૫૨૮ પર છે કે, "ટેલીફોન કરનાર જો સાંભળનારની નજરો સમક્ષ ન હોય તો શરઈ બાબતોમાં એનો કોઈ એતબાર નથી, ભલે અવાજ પહેચાની લેવામાં આવે, કેમ કે અવાજ મલતો જુલતો અવાજ પણ હોય છે. જો તે કોઈ શહાદત (ગવાહી) આપે તો વિશ્વાસપાત્ર ગણાશે નહીં, અને જો કોઈ વાતનો ઈકરાર (સ્વીકાર) કરે તો સાંભળનારને એના પર ગવાહી આપવાની ઈજાઝત નથી." આ લખાણથી પુરવાર થાય છે કે મોબાઈલ વગેરેથી ચાંદ સાબિત નથી થઈ શક્તો.

**જવાબ** : જેમણે પણ આ સવાલ કર્યો છે, સારો કર્યો છે ! અને એનાથી ઈન્શાઅલ્લાહુ તઆલા એક ગલતફહમી દૂર થઈ જશે. જુઓ ! બે ચીજો છે : એક છે **ખબર** અને એક છે **શહાદત (ગવાહી)**. ખબરને શહાદતનો દરજો નથી આપી શકાતો, અને શહાદત (ગવાહી)ના માટે કેવળ ખબરની શરતો પૂરતી નથી. **ખબર** અને **શહાદત** આ બે ચીજો છે. શહાદતનો અર્થ આવે છે, રૂબરૂ હોવું, નજરો સમક્ષ હોવું, સામે હોવું. શાહિદ જેને ગવાહ કહે છે તેનો અર્થ છે હાજર, રૂબરૂ, નજરો સમક્ષ, આપની સામે હોય, જે સામે હશે, હાજર હશે તે જ શાહિદ (ગવાહ) થશે. નજરો સમક્ષ ન હોય તે ગવાહ થઈ શકશે નહીં. શહાદતનો અર્થ છે રૂબરૂ સામે હોવું, હાજર હોવું, જે સામે હશે હાજર હશે તે જ શાહિદ થશે. નજર સામે ન હોય તે શાહિદ (ગવાહ) નથી થઈ શક્તો. જે નજરો સામે જ ન હોય તે ગવાહ કેવી રીતે થશે અને તેનું બયાન ગવાહી કેવી રીતે ગણાશે ?!

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان એ જે ફર્માવ્યું તે ૧૦૦% હક્ક છે. આમન્ના વ સદક્‌ના. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ના લખાણને સમજવું જરૂરી છે. ફતાવા રઝવિય્યહ જો પઢવામાં આવે તો તેને સમજવાની કોશિશ પણ કરવામાં આવે. કેવળ ફતાવા રઝવિય્યહનું નામ લઈ લેવું પૂરતુ નથી! મેં ઘણીવાર મારી દર્સગાહોમાં અને મજમાઓમાં ઉલમાની સમક્ષ કહ્યું છે કે આજે સૌથી મોટો મુફતી તે છે જે ફતાવા રઝવિય્યહને સૌથી અધિક સમજે છે. ફતાવા રઝવિય્યહનું નામ લેવું અલગ છે અને સમજવું અલગ છે. આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان શું ફર્માવે છે કે આ લખાણનો સંબંધ શહાદતથી છે ખબરથી નથી. એનો મતલબ એ થયો કે શરઈ બાબતોમાં શહાદત ત્યારે વિશ્વસનીય થશે જ્યારે ફોન કરનાર નજરો સમક્ષ હોય, સામે નહીં હોય તો શહાદત વિશ્વાપસપાત્ર થશે નહીં. નજરો સમક્ષ હોવાની શરત ખબરમાં હોતી જ નથી ! એ કેવળ શહાદતમાં હોય

છે. એ જ કારણે આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એના પછી વર્ણન કરતાં ફર્માવે છે કે, ''જેથી જો કોઈ શહાદત આપે છે તો શહાદત વિશ્વસનીય થશે નહીં, કોઈ ફોન કરે છે તો સાંભળનાર એની ગવાહી નથી આપી શક્તો કે ફલાણાએ ઈકરાર કર્યો છે. કેમ કે અવાજ મુશાબિહ (મલતો જુલતો) અવાજ હોય શકે છે. આ પૂરા ફત્વાનો સંબંધ શહાદત સાથે છે. આમને સામને હોવું શાહિદ (ગવાહ) માટે જરૂરી હોય છે, ખબર માટે નથી. અને ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે શહાદત સાથે નથી. હવે એ વાતને આપ સમજી લો કે ઈસ્તેફાદાનો સંબંધ ખબર સાથે છે. શહાદત (ગવાહી) સાથે નથી.

જરા એક વાત આપ લોકો વિચારો ! આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે શરઈ બાબતોમાં ટેલીફોનનો કોઈ એતબાર નથી જ્યારે કે ટેલીફોન કરનાર સામે ન હોય, નજરો સમક્ષ ન હોય. એ વાતને દિમાગમાં રાખીને આપ વિચારો કે **જો એનો સંબંધ ખબર સાથે હોય તો** શું આજે દુનિયામાં કોઈ પણ આ ફત્વા પર અમલ કરે છે ? ! આજે આપણી પાસે સેંકડો ઉલમા મૌજૂદ છે અને દુનિયામાં હજારો ઉલમા મૌજૂદ છે અને હું સમજુ છું કે જેટલા ઉલમા છે સર્વ ઉલમાની પાસે શરઈ બાબતોમાં પોતાના દીની મસાઈલ સમજવા માટે લોકો ફોન કરે છે અને આ આપણા ઉલમાએ કિરામ એમને જવાબ આપે છે અને ઉલમાએ કિરામ ફોન પર જે જવાબ આપે છે તે જવાબ વિશ્વસનીય તથા ભરોસાપાત્ર ઠરાવવામાં આવે છે. **આ શરઈ બાબતોમાં ટેલીફોનનો કે મોબાઈલનો એતબાર થયો કે ન થયો ?!** અને આજે જે આલિમ જેટલો મોટો છે તેને એટલા જ વધુ પ્રમાણમાં ફોન પર સવાલો કરવામાં આવે છે. આજે અમેરિકાથી અનેક લોકો સવાલો કરે છે આપણા મોટા ઉલમાને અને અહીં હિંદુસ્તાનથી આપણા મોટા ઉલમા જવાબ આપે છે તો ત્યાં એમના ફત્વાના પ્રમાણે હુકમ લાગુ કરી દેવામાં આવે છે, અને

તેના પર અમલ કરવામાં આવે છે. **શરઈ બાબતોમાં આ ટેલીફોનનો એતબાર થયો કે ન થયો ?** રોજ લાખો વાર શરઈ બાબતોમાં ટેલીફોનનો એતબાર ઉલમાના બતાવેલ મસાઈલ પર વિશ્વાસ કરવામાં આવી રહ્યો છે. જો આ વાત હક્ક છે તો દિમાગને કસવું જોઈએ કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના આ લખાણનો શો મતલબ છે ? આ લખાણનો મતલબ ફક્ત એ જ છે કે જે મેં અર્ઝ કર્યો છે કે **આ લખાણનો સંબંધ ખબર સાથે નથી બલ્કે શહાદત સાથે છે.** આપણે મસાઈલ જે બતાવીએ છીએ ટેલીફોન પર, આપણે મસાઈલ જે બતાવીએ છીએ મોબાઈલ પર, એ સર્વ મસાઈલ ખબરના પ્રકરણથી છે અને ખબરના બારામાં એ ઉલમાની ખબરનો એતબાર છે, ખબરના બારામાં સાલેહીનની ખબરનો એતબાર છે, ખબરના બારામાં નેક લોકોની ખબરનો એતબાર છે, ખબરના બારામાં હાફિઝોની ખબરનો, કારીઓની ખબરનો, ઉલમાની ખબરનો, દીનદાર હાજીઓની ખબરનો, સૌની ખબરનો એતબાર છે.

જ્યારે હવે આ વાત સમજી લીધી તો હવે સાંભળો ! **ચાંદની સાબિતી કેવળ શહાદત (ગવાહી)થી જ નથી થતી. શહાદતથી પણ થાય છે અને ઈસ્તેફાદાથી પણ થાય છે.** ઈસ્તેફાદા શું ચીજ છે ? ઈસ્તેફાદાનો અર્થ છે : "સાચી તથા પાકી ખબરનું મશહૂર થઈ જવું." અમારા એક આલિમે ચાંદ જોઈ લીધો દિલ્હીમાં અને તેમણે અમને ફોન કર્યો કે હું અલ્લાહની કસમ ખાયને કહું છું કે મેં પોતે મારી આંખો વડે રમઝાનનો ચાંદ જોયો. મુંબઈથી બીજા આલિમે પણ એ જ પ્રકારનો ફોન કરી આપ્યો. કલકત્તાથી ત્રીજા આલિમે ફોન કરી આપ્યો. મદ્રાસથી ચોથા આલિમે ફોન કરી આપ્યો, હુબ્લીથી પાંચમા આલિમે ફોન કરી આપ્યો... સારાંશ કે ૧૨ શહેરોએથી ૧૨ આલિમોએ, હાફિઝોએ, કારીઓએ, નેક લોકોએ ફોન કરી આપ્યો. તો પણ આપણે આ તરફથી ફોન કરીને ત્યાંના દીનદાર લોકો

સાથે તેહક઼ીક઼ કરી લીધી કે આ લોકો સાચા પાકા છે ?! તો ત્યાંથી આપણા દીનદાર ઉલમાએ તસ્દીક઼ (સમર્થન) કરી આપી કે એઓ સાચા છે, સાલેહ છે, નેક છે, એમની સદાક઼ત (સચ્ચાઈ)માં જરા બરાબર કોઈ શંકા નથી કરી શકાતી. અને વળી તેઓ અલ્લાહની ક઼સમ ખાયને બયાન આપી રહ્યા છે કે તેમણે પોતે પોતાની આંખો વડે ચાંદ જોયો, તો આ ખબર સાચી પણ છે, પાકી પણ છે. અને જ્યારે દસ, બાર, ચૌદ લોકો ખબર આપી રહ્યા છે તો આ ખબર શોહરત (ખ્યાતી)ની હદે પહોંચી પણ ગઈ છે. હવે એને ફિક઼હની બોલીમાં શું કહીશું ? ''ઈસ્તેફ઼ાદ઼ા, ઈસ્તેફ઼ાદાએ ખબર'' **જ્યારે શરઈ બાબતોમાં ખબરના બાબમાં સાચી તથા પાકી ખબરનો એતબાર દરરોજ કરવામાં આવે છે તો હજારોવાર કરવામાં આવે છે. આખી દુનિયાને લક્ષમાં રાખી જોવામાં આવે તો લાખોવાર કરવામાં આવે છે. તો રમઝાનના મોક઼ાએ તથા ઈદના મોક઼ાએ જો ઉલમા, હાફ઼િઝો, ક઼ારીઓ, તથા નેક લોકો ચશ્મદીદ (પોતાની આંખો વડે જોયેલ) ખબર આપે તો આ સાચી તથા પાકી ખબરનો એતબાર કેમ નહીં કરવામાં આવે ?!** એના બારામાં જો ફ઼તાવા રઝવિય્યહના લખાણને પેશ કરવામાં આવે છે તો આપ તુરંત જ કહી આપો કે આ લખાણનો સંબંધ ગવાહી સાથે છે ખબર સાથે, ઈસ્તેફ઼ાદ઼ાનો સંબંધ ખબર સાથે છે, શહાદત સાથે નથી. **''ઈસ્તેફ઼ાદ઼ાએ ખબર'' એ ચાંદની સાબિતીના તરીક઼ાઓમાંથી એક મજબૂત તરીક઼ો છે.** આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ ફ઼તાવા રઝવિય્યહ, ભાગ–૪માં લખ્યું છે કે, **''શહાદત (ગવાહી)થી પણ મજબૂત તરીક઼ો છે.''** જ્યારે શહાદતથી ચાંદ સાબિત થઈ જાય છે તો ઈસ્તેફ઼ાદ઼ાએ ખબરથી એથી પણ અધિક કક્ષાએ ચાંદની સાબિતી થઈ જશે. એટલા માટે ''જામિઆ અશ્રફ઼િયા (મુબારકપુર)''ના ઉલમાએ મજલિસે શરઈમાં અન્ય હિંદુસ્તાનના ઘણા બધા ઉલમાની રાયની એકમતિએ એ ફૈંસલો બહાર પાડયો કે ''ઈસ્તેફ઼ાદ઼ાએ ખબર'' થઈ જાય ચાંદના બારામાં તો એનાથી પણ ચાંદની સાબિતી થઈ

જશે. અને આજે આસાની માટે એના પર ફત્વો આપવામાં આવે છે અને એના પર અમલ કરવામાં આવે છે.

આપ કહી શકો છો કે તો પછી કાલ સુધી એના પર અમલ કેમ કરવામાં ન આવ્યો, અને આજે એવું શાથી થયું ?! આપના દિલમાં એ વાત પેદા થઈ શકે છે, અને નહીં પેદા થાય તો જ્યારે આપ અહીંથી બહાર જશો તો કેટલાક લોકો આપના દિલમાં એ વસવસો પેદા કરશે ! કેમ કે વસવસો પેદા કરનારા ઘણા લોકો છે, તેઓ જે પ્રકારના પણ હોય, તો એ વસવસાને પણ દૂર કરતા ચાલો. કાલે મોબાઈલ હતો નહીં. આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના જમાનામાં, હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના જમાનામાં મોબાઈલ ન હતો. ટેલીફોન હતો પણ એ ખૂબ જ મર્યાદિત હતો. જો પૂરા દેશમાંથી ચાંદની ખબર આવતી તો તેની તેહકીક઼ થઈ શક્તી ન હતી કે ખબર આપનાર સાચુ બોલી રહ્યો છે કે જૂઠુ બોલી રહ્યો છે, જેથી ખબર ન સાચી હોય શક્તી હતી ન પાકી. પણ આજે અલહમ્દુલિલ્લાહ ! અમારી સાથે આઠ દસ જણની ટીમ બેસી જાય છે અને પૂરા હિંદુસ્તાનમાં છાનબીન કરી લેવામાં આવે છે કે ક્યાં ક્યાંની ખબર સાચી છે, પાકી છે અને ક્યાં ક્યાંની ખબર ગલત છે. ક્યાં ક્યાં હાફિઝોએ, ચાંદ જોયો, ક઼ારીઓએ ચાંદ જોયો, નેક લોકોએ ચાંદ જોયો..... અલ્હમ્દુલિલ્લાહ ! ઉલમા, હાફિઝો, ક઼ારીઓ, નેક લોકોના ક઼સમપૂર્વકના બયાનને લઈને એના પ્રમાણે જ્યારે સાચી પાકી ખબર ચાંદની મશ્હૂર થઈ જાય છે તો "ઈસ્તેફાદાએ ખબર"ના રૂપે ચાંદ થઈ જવાનો ફેંસલો તથા એલાન કરી દેવામાં આવે છે. અને અલ્હમ્દુલિલ્લાહ ! પૂરા પૂર્વ યુ.પી.માં એના પર અમલ થઈ રહ્યો છે તથા પશ્ચિમ યુ.પી.માં પણ એના પર અમલ થઈ રહ્યો છે બલ્કે અલ્હમ્દુલિલ્લાહ ! અહીંથી નીકળીને અન્ય રાજ્યોમાં પણ લોકો અમારાથી જોડાઈ ચૂક્યા છે અને એના પર અમલ કરી રહ્યા છે.

*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૧૬)*

# ચાંદની સાબિતીના
## વિવિધ તરીકાઓ વિશે પ્રશ્નોત્તરી

પ્રશ્નકર્તા તથા અનુવાદ : **પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

રજૂકર્તા : **મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી દારુલ ઈફતા, દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સવાલ નં ૧ : સામાન્યતઃ લોકોમાં એવો ખયાલ પ્રવર્તે છે કે ચાંદની સાબિતી "ચાંદ જોવાથી" કે "ગવાહી મળવાથી" જ થઈ શકે છે.** એના સિવાય બીજા તરીકાઓ વિશે સામાન્ય પબ્લિકમાં અજાણતા પ્રવર્તે છે. તો વિનંતિ છે કે ચાંદની સાબિતીના કેટલા તરીકા છે અને કયા કયા તે દર્શાવશો.

**જવાબ નં ૧ :** ચાંદની સાબિતીના **નવ તરીકા** છે :–

**૦૧.** રૂયતે આમ : એટલે મોટાભાગે લોકોનું ચાંદ જોવું.

**૦૨.** રૂયતે ખાસ : ખાસ કોઈ પુરૂષ કે સ્ત્રીનું ચાંદ જોવું. ખાસ રમઝાનના ચાંદ માટે શરીઅતે ખાસ સ્થિતિમાં "રૂયતે ખાસ"ને દલીલ માની છે.

**૦૩.** શહાદતે રૂયત : એટલે ચાંદ જોવાની ગવાહી.

**૦૪.** શહાદત અલશ્શહાદત : એટલે ચાંદ જોવાની ગવાહી પર ગવાહી.

૦૫. શહાદત અલલ કઝા : એટલે કે કાઝીના ફેંસલા પર ગવાહી.

૦૬. કિતાબુલ કાઝી અલલ કાઝી : એટલે એક શહેરના કાઝીનો પત્ર બીજા શહેરના કાઝીના નામે.

૦૭. ઈસ્તેફાદા : ચાંદની સાચી તથા પાકી ખબરની ખ્યાતિ.

૦૮. ઈકમાલે ઈદ્દત : એટલે મહીનાના ૩૦ દિવસ પૂરા કરી લેવા.

૦૯. ચાંદ સાબિત થતાં ટોપ (ફોડીને) તથા ઢંઢેરો પીટીને વગેરે વડે એલાન.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ નવ તરીકાઓને પોતાના સમૃધ્ધ તથા સંક્ષિપ્ત શબ્દો વડે સાત તરીકાઓમાં સમાવી આપેલ છે જે આપની કિતાબ ''તુરુકે અષ્બાતે હિલાલ''માં વિગતવાર વર્ણન થયેલ છે.

હદીષે પાકમાં ચાંદ જોઈને રોઝા રાખવા અને ચાંદ જોઈને રોઝા છોડવાનો હુકમ આપવામાં આવ્યો છે. સાથોસાથ જ આ હિદાયત પણ આપવામાં આવી છે કે કોઈ કારણે ૨૯ તારીખે ચાંદ ન જુઓ તો ત્રીસ તારીખો પૂરી કરી લો.

આ રીતે જોવામાં આવે તો હદીષે નબવીમાં ચાદની સાબિતીના ત્રણ તરીકા વર્ણન થયેલ છે : રૂયતે આમ (આમ લોકોનું ચાંદ જોવું), રૂયતે ખાસ એટલે ખાસ લોકોનું ચાંદ જોવું, અને ઈકમાલે ઈદ્દત એટલે ૩૦ની ગણત્રી પૂરી કરવી. બાકીના તરીકાઓનો તાબઈન તથા મુજતહીદ ફકીહોએ વધારો કર્યો, અને નવમો તરીકો તો અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہએ એક શાફઈ મઝહબના ફકીહથી નકલ કર્યો, જેને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ માન્ય રાખ્યો. એટલા માટે આપણે પણ એને માનીએ છીએ, નહીં તો આપણા મઝહબ (હનફી)ની કિતાબોમાં

એનો ઉલ્લેખ નથી. હા ! જેટલા તરીક઼ાઓ બાદમાં ઉમેરાયા હક઼ીક઼તમાં એ સર્વથી ચાંદ દેખાયાની જ સાબિતી થાય છે. એટલા માટે એ તમામે તમામ હદીષે નબવી પર જ અમલની વિવિધ સ્થિતિઓ છે અને હદીષે પાકની રૂહ દરેક જગાએ કાર્યરત છે.

પબ્લિકને જરૂરત પ્રમાણે જેટલું બતાવવામાં આવ્યું એટલું જ તે જાણે છે, પણ જરૂરત છે કે ઈલ્મે દીનને આમ કરવામાં આવે અને આ'લા હઝરત رحمۃ اللہ علیہની તેહક઼ીક઼ાતને ઘેર ઘેર પહોંચાડવામાં આવે જેથી તેઓ અજ્ઞાનતાના કારણે કોઈ શરઈ મસ્અલાનો ઈન્કાર ન કરી બેસે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં ૨ :** "કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી" એટલે શું ? મોબાઈલ થકી એક જગાના ચાંદની ખબર ત્યાંના ક઼ાઝી થકી બીજા શહેરના ક઼ાઝીને પહોંચાડે તો તે ક઼ાઝીને એલાનનો અધિકાર મળશે ? અથવા ફેક્સ અથવા ઈ મેઈલ થકી એક ક઼ાઝીથી બીજા ક઼ાઝીને ખબર પહોંચાડીને ચાંદની સાબિતી થઈ શકશે ?

**જવાબ નં ૨ :** "કિતાબુલ ક઼ાઝી અલલ ક઼ાઝી"નો અર્થ છે : "એક જગાના ક઼ાઝીનો પત્ર બીજી જગાના ક઼ાઝીના નામે" અને જાહેર છે કે મોબાઈલ થકી એક જગાના ચાંદની ખબર બીજી જગાના ક઼ાઝીને આપવી એ "ક઼ાઝીનો પત્ર ક઼ાઝીના નામે" નથી, બલ્કે એ કેવળ ખબર છે, અને ચાંદની સાબિતીના બારામાં એવી ખબર તદ્દન અવિશ્વસનીય છે જેમ કે ફતાવા રઝવીય્યહ, ભાગ–૪માં એની સ્પષ્ટતા છે. હા ! ફેક્સ, ઈ મેઈલ તથા એસ. એમ. એસ. (મેસેજ) પોતાનામાં શાબ્દિક લેહાઝથી "ક઼ાઝીનો પત્ર ક઼ાઝીના નામે" ખયાલ કરી શકાય છે, પણ શરઈ દ્રષ્ટિબિંદુથી એમની હૈસિયત "ક઼ાઝીનો પત્ર ક઼ાઝીના નામે" નથી, ન ચાંદની સાબિતીના પ્રકરણમાં એનો એતબાર થશે. એક જગાના ક઼ાઝીનો પત્ર બીજી જગાના ક઼ાઝીના નામે તે સમયે દલીલ બને છે જ્યારે બે શરઈ ગવાહો થકી એમના

સુધી પહોંચાડવામાં આવે. અને ફેક્સ, ઈ મેઈલ, એસ.એમ.એસ. શરઈ ગવાહ સાથે નથી જતા. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૩ :** ''ઈસ્તેફાદા'' માટે શું જરૂરી છે કે મોબાઈલ પર જે લોકો કાઝીને ચાંદની ખબર આપી રહ્યા છે તે સૌને કાઝી જાણતો હોય ? તેમજ ખબર આપનારાઓની કેટલી સંખ્યા હશે તો ''ઈસ્તેફાદા'' સાબિત થશે ?

**જવાબ નં. ૩ :** એ જરૂરી નથી કે જે લોકો કાઝીને ચાંદના બારામાં ખબર આપી રહ્યા છે તે સૌને કાઝી ઓળખતો જાણતો હોય. હા ! ચાંદની સાબિતીના બારામાં એ જરૂરી છે કે કાઝીએ શરીઅતને જે શખ્સના બારામાં એ ઈત્મિનાન થાય કે તે તક્વાવાળો આલિમ કે હાફિઝ અથવા કારી છે તો તે ચાંદની ખબર આપનારાઓના બારામાં બતાવે કે તેઓ સાચા અને શરીઅતના પાબંદ છે. અને દરેક શખ્સ એ બયાન આપે કે તેણે પોતાની આંખો વડે ફલાણા મહિના ફલાણા સનનો ચાંદ જોયો. વળી આ ખબર આપવાવાળા એટલા અધિક પ્રમાણમાં હોય કે કાઝીને સંપૂર્ણપણે ઈત્મિનાન થઈ જાય કે આ લોકો સાચી પાકી ખબર આપી રહ્યા છે.

ખબર આપનારાઓ જો ઉપર જણાવેલ ખૂબીઓ (સિફતો)થી સજજ હોય તો એવી નવ (૯) વ્યક્તિઓની ખબર પણ ઈસ્તેફાદાના માટે પૂરતી થઈ શકે છે, નહીં તો અધિક સંખ્યા પણ જરૂરી થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૪ :** શું મોબાઈલ પર ખબર આપનાર સૌએ પોતે જ ચાંદ જોયેલો હોવો જોઈએ કે અન્યના ચાંદ જોયાની ખબર મશ્હૂર થતાં તેના આધારે ખબર આપી શકાય ?

**જવાબ નં. ૪ :** એ જરૂરી નથી કે દરેક ખબર આપનારે પોતે ચાંદ

જોયો હોય, બલ્કે ઉપર દર્શાવી તેવી સિફતોવાળા ચાંદ જોનારાઓથી સાંભળીને તેમના હવાલાથી ખબર આપવી પણ પૂરતી છે. લખનાર (મુફતી નિઝામુદ્દીન સાહબ)નો નિયમ એ છે કે કેવળ ચાંદ જોનાર વ્યક્તિઓથી કસમપૂર્વકનું બયાન લઉં છું અને કોશિશ કરું છું કે તે ઉલમાએ દીન હોય અને અમુક ઉપરોક્ત સિફતોથી સજ્જ હોય. જ્યારે વિવિધ સ્થળો તથા શહેરોએથી આવા પંદર સોળ વર્ણવેલ ખૂબીઓવાળી વ્યક્તિઓનું ચશ્દીદ કસમપૂર્વકનું બયાન મળી જાય છે તો ફક્ત સમર્થનના માટે અમુક બીજા પ્રકારના લોકોનાં બયાનો પણ લેવામાં આવે છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં. ૫ :** શું ફક્ત બાશરઅ લોકોની આપેલ ખબર જ માન્ય થશે કે ફાસિક વ્યક્તિઓની પાસેથી પણ ખબર લઈ શકાશે ? અને એવી કેટલી વ્યક્તિઓની ખબર પર ઈસ્તેફાદા થશે ?

**જવાબ નં ૫ :** બાશરઅ, દીનદાર, સાલેહીનથી બયાનાત લેવામાં આવશે અને જ્યારે એવા અધિક પ્રમાણના હઝરાતનાં બયાનો ગુજરી જાય તો સમર્થનના ખાતર છેવટમાં એવા ફાસિકોથી પણ બયાનો લઈ શકાય છે જેમના સાચા હોવા પર વિશ્વાસ અધિક હોય. ''ખબરે ઈસ્તેફાદા''ના માટે એ જરૂરી નથી કે સર્વ ખબર આપનારા બાશરઅ હોય. પણ ઈત્મિનાન તથા સંતોષના ખાતર નવ, દસના બદલે અધિક વ્યક્તિઓની ખબરની જરૂર રહેશે. વલ્લાહુ તઆલા અઅ્લ.

**સવાલ નં ૬ :** ચાંદ કમિટી ઘણે ઠેકાણે બને છે તો એ કમિટીઓના એલાન પર ચાંદ થયાનું કઈ રીતે માનવામાં આવશે ? એનો શો તરીકો રહેશે ?

**જવાબ નં ૬ :** ચાંદના બારામાં બાશરઅ, દીનદાર વ્યક્તિઓની ખબરો કાઝીએ શરીઅતને મળે જેથી તે પૂરો સંતોષ તથા ઈત્મિનાન હાંસલ

થયા બાદ ચાંદની સાબિતીનો ફેંસલો બહાર પાડી શકે. ચાંદ કમિટી જો ઉલમા પર આધારિત હોય તો તે કાઝીએ શરીઅતના દરજામાં છે. એ જ પ્રમાણે જે આલિમે દીન જરૂરતના મસાઈલ કિતાબોથી પોતે કાઢી શકે અને એના પ્રતિ મુસલમાન સામાન્યતઃ રુજૂઅ થતા હોય તે પણ તે ઈલાકાનો કાઝીએ શરીઅત થાય છે. એ જ પ્રમાણે આલિમ કે ચાંદ કમિટી અથવા કાઝીએ શરીઅતની પાસે બાશરઅ વ્યક્તિઓ ચાંદ થયાની ખબરો આપે તો શોહરત (ખ્યાતિ)ની સ્થિતિમાં તે ખબર ઈસ્તેફાદા ગણાશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ નં ૭** : આથી પહેલાં આપણા અગ્રગણ્ય (અકાબિર) ઉલમાએ ફોન પર ચાંદની સાબિતીને અવિશ્વાસપાત્ર માની છે તો પછી અત્યારે શાથી એને માન્ય ઠરાવવામાં આવી શકે ?

**જવાબ નં. ૭** : એ સહીહ છે કે આપણા પહેલાના ઉલમાએ ટેલીફોનની ખબરને ચાંદની સાબિતીના બારામાં અવિશ્વસનીય માની, પણ એ એ જ પ્રમાણે છે કે જેવી રીતે કોઈ માણસની ખબરને ચાંદની સાબિતીમાં અવિશ્વસનીય ઠરાવવામાં આવે છે. હા ! ચાંદની ખબર સાચી, પાકી હોય તથા ઘણા માણસો એક ઝબાને તેની ખબર આપે તો શોહરત (ખ્યાતિ)ના કારણે એકમતિએ "ઈસ્તેફાદાએ ખબર" થઈ જાય છે જેનાથી ચાંદનો શરઈ સબૂત હાંસલ થાય છે. એ જ પ્રમાણે ટેલીફોન કે મોબાઈલ થકી અધિક્તર પ્રમાણમાં માણસો ચાંદની સાચી, પાકી ખબર આપે તો અહીં પણ શોહરતની બિના પર "ઈસ્તેફાદાએ ખબર" થઈ જશે જેનાથી ચાંદનો શરઈ સબૂત હાંસલ થશે.

વળી કાલ તથા આજનામાં એક ફરક પણ છે કે ટેલીફોન તથા મોબાઈલની વ્યવસ્થા આજે જેટલા પ્રમાણમાં બેહતર છે તેવું કાલે હરગિઝ ન હતું. કાલે જો કોઈ ટેલીફોન વડે આ ખબર આપતો કે તેણે ચાંદ જોયો છે

તો સરળતાપૂર્વક તદ્દન તેહકીક થઈ શક્તી ન હતી, અને આજે અડધા કલાકમાં એવી બેશુમાર ખબરોની સંપૂર્ણપણે તેહકીક કરી લેવામાં આવે છે. તો કાલ સુધી તેની તેહકીક તથા સમર્થન મેળવવું મુશ્કેલ હતું અને આજે ખૂબ જ સરળ છે. ''ઈસ્તેફાદા''ના માટે ખબર સાચી હોવી એ સૌ પ્રથમ જરૂરી છે. અને સાચી હોવા પછી અધિક્તર પ્રમાણમાં ખબરો વડે શોહરત (ખ્યાતિ) તથા ઈસ્તેફાદાનો માર્ગ સરળ થઈ જાય છે. કાલે એ મુશ્કેલ હતું અને આજે શક્ય છે બલ્કે થઈ શકે છે.

તદ્ ઉપરાંત ફતાવા રઝવિય્યહ્‌ને પઢી લો તો ઈત્મિનાન હાંસલ થશે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ટેલીફોન વડે ઈસ્તેફાદાના તહક્કુક (સમર્થન પામવાનો) ઈન્કાર નથી કર્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

લખનાર : **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી વ સદરુલ મુદર્રિસીન જામિઆ અશ્રફિયા)*
મુબારકપુર, ૮–રબીઉન્નૂર, હિ.સ. ૧૪૩૭,
ઈ.સ. તા. ૨૦–૧૨–૨૦૧૫
*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૧૬)*

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

**GRWB/059/Bharuch/02** *C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો.
દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી આપની આ પ્યારી સંસ્થાએ નાની મોટી કુલ **૨૨૩** કિતાબો ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફ્ત** પહોંચાડી છે અને સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય કુર્આન, હદીષ, અકવાલથી ભરપૂર દલીલ સભર સાહિત્ય અક઼ીદાની મજબૂતી તથા અમલી ઈસ્લાહ માટે પ્રકાશિત કરવાનું કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે.

★ **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

★ **મર્હૂમોના સવાબ અર્થે કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** અથવા જે બને તે રીતે સહાયરૂપ થઈ શકો છો

★ આપની **ઝકાત, સદક઼ા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

★ **પાંચસો રૂપિયા (રૂા. ૫૦૦/–) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

★ કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

★ **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.